જા.નં/પગાર/ડેટા/માર્ચ /૨૦૨૩/ 1120

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત.
તા.૦૩/૦૩/૨૦૨૩.

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ-સુરત.

વિષય:- માર્ચ-૨૦૨૩ નાં પગાર ડેટા રજુ કરવા બાબત.
સંદર્ભ:- (૧) નાણા વિભાગનાં તા-૨૯/૧૦/૨૦૨૨ ઠરાવ ક્રમાંક-નપન-૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી(પા.ફા.૧)

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નાણા વિભાગનાં તા-૨૯/૧૦/૨૦૨૨માં દર્શાવેલ શરતો મુજબ નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત રાજ્ય સરકારનો સમાન ફાળો વધારવા બાબત આ યોજના ધરાવતાં કર્મચારીઓને નવા નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન સી.પી.એફ.કપાતની ટકાવારી ૧૨% અને ૧૪% મુજબ કરવા અંગેનો વિકલ્પ આપવાનો રહેશે. એકવાર વિકલ્પ આપ્યા બાદ કોઈપણ સંજોગોમાં બદલી શકાશે નહિ. સદર બાબતનાં ડેટા ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કુલ, નાનપુરા, જિ-સુરત ખાતે તા-૦૯/૦૩/૨૦૨૩ને ગુરુવારનાં રોજ રજુ કરવા જણાવવામાં આવે છે.

સદર ડેટા R.T.-1માં ફરજિયાતપણે એમ્પ્લોય નંબર અને નામ દર્શાવવાનું રહેશે. R.T.-1માં P.F CATEGORY DISCRIPTION માં જો ૧૨% ઓપ્શન આપવાનો હોઈ તો ૧૨% દર્શાવાનું રહેશે અને CODE VALUEમાં ૦૬ દર્શાવવાનું રહેશે અથવા જો ૧૪% ઓપ્શન આપવાનો હોઈ તો ૧૪% દર્શાવાનું રહેશે અને CODE VALUEમાં ૦૭ દર્શાવવાનું રહેશે. C.P.F A/C NO. DISCRIPTION ખાનામાં સંપૂર્ણ C.P.F નંબર બરાબર ચેક કરી ભરવાનો રહેશે. જેની ખાસ નોંધ લેવી.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત,જિલ્લો-સુરત.